# દીકરી બચાવો

તમારા પ્રેમનું આલેખન છું,
જીવવું છે હજી મને જીવવા દો.
તમારા ઉષ્ણ શ્વાસોનું સેવન છું,
જીવવું છે હજી મને જીવવા દો.

પાંગરવા દો, કળી છું, ખીલવા દો,
છળકપટની દુનિયા જોવા દો.
શ્વાસ-ફૂંકની? ભાષાને સમજવા દો,
અવતરવા દો, મને જીવવા દો.

સોનિયા બનીશ, ચાવલા બનીશ,
ઉષા-લત્તા બનીશ, ઈન્દિરા-એશ્વર્યા બનીશ.
ધરોહર બનીશ, ખીલવા દો.

પાપ છે સમજો – ભૃણ હત્યાને તો,
સમોવડી છે બાળકી પણ હવે તો.
સ્મશાને અગ્નિ સંસ્કાર દેતી હવે તો,
વ્યથાને સમજી મારી, મને જીવવા દો.

નિકંદન કાઢી કોખ ક્યાંથી લાવશો?
નારી વિના જગત કેમ ચલાવશો?
“નારી તું નારાયણી” ક્યાંથી ભણાવશો?

હ્સ્તી તમારી ગણી મને જીવવા દો.

સર્પને માનવીમાં ક્યાં ફેર છે?
હ્ત્યારા પાપી છે શું સંદેહ છે?
કળાતું નથી, નારીથી શું વેર છે?
ભૃણ હ્ત્યા રોકી, મને જીવવા દો... મને જીવવા દો...

# એક મહિલા લેખકની વેદના -

હું જે લખવા જઈ રહી છુ એ ફક્ત મારી સ્ટોરી કે મારા અનુભવ જ નથી પરંતુ આજના અત્યાધિક આધુનિક કહેવાતા સમાજનુ કડવુ સત્ય છે. અઢી વર્ષ પહેલા જ્યારે મેં મારી બીજી પુત્રીને જન્મ આપ્યો તો હું ખૂબ જ ખુશ હતી, કે છેવટની ક્ષણે મારો કેસ બગડી ગયો હોવા છતા ઈશ્વરને કૃપાથી બાળક અને હું સુરક્ષિત હતા. મને એ વાતનુ કોઈ દુ:ખ નહોતુ કે મારુ બીજુ સંતાન પણ પુત્રી છે, પરંતુ એ દરમિયાન મેં દવાખાનામાં જેટલા પણ લોકોના પ્રતિભાવ જોયા, એ જોઈને લાગતુ હતુ કે જાણે મેં કોઈ મોટી ભૂલ કરી છે. જે પણ લોકો મને જોવા આવતા તેઓના મોઢામાંથી એક વાક્ય તો નીકળ્યા વગર રહેતુ જ નહી કે સારુ થાત જો પુત્ર થયો હોત.



લોકોનો વ્યવ્હાર મને સમજાતો નહોતો. કદી તો લાગતુ હતુ કે હું કોઈ ગુન્હો કર્યો છે જેની સજા ખબર

નહી તેઓ શુ આપવા માંગે છે ? તો કદી લાગતુ કે અમને બીજી પણ પુત્રી થઈ ગઈ તેથી લોકોને અમારી પર દયા આવી ગઈ છે, એવી દયા કે જાણે અમે કોઈ સંકટમાં પડી ગયા છે. કેટલીક સ્ત્રીઓએ તો મને પૂછ્યુ પણ ખરુ, કેમ ચેક નહોતુ કરાવ્યુ ? હવે એક ચાંસ લઈ જોજે, કદાચ પુત્ર થઈ જાય, મને એમને પૂછવાનુ મન થઈ જતુ કે શુ ચેક કરાવુ ? જે પણ હશે એ તો મારો જ એક અંશ

હશે ને ?

હુ પૂછવા માંગુ છુ કે આજે એવુ શુ છે જે છોકરાઓ જ કરી શકે છે છોકરીઓ નહી.

***નારીની શક્તિ તો જુઓ અનેક સંકટોનો સામનો કરવા છતા હિંમત નથી હારી***
***કિચનની જ વાત ન કરશો આજે તો ફેશનથી રાજગાદી સુધી છે નારી***

જ્યાં સુધી વંશ ચલાવવાની પરંપરા છે તો કેટલાય લોકો એવા છે જે પોતાના વંશજોના નામ જ નથી જાણતા. આજે તો દરેક માતા પિતાની ઈચ્છા હોય છે કે તેમનો પુત્ર વિદેશમાં ભણવા જાય. પછી સારી સર્વિસની શોધમાં બહાર નીકળી જાય, અને જ્યા જોબ મળે ત્યાં જ સેટલ પુત્ર વસી જાય. પછી માતા-પિતા તેમને ઘરમાં ફાલતૂ કીટકીટ કરનારા લાગે. તેથી પુત્ર હોવા છતા ઘણા માતા-પિતાને વૃધ્ધાવસ્થામાં પણ એકલાજ રહેવુ પડે છે. મેં એવા પણ માતા-પિતાને જોયા છે જેમને કહેવા માટે તો ચાર-ચાર પુત્રો છે પણ સાથે એક પણ નથી રહેતો. કેટલાક તો માતા-પિતાને ઘરની રોનકમાં બાધક સમજીને વૃધ્ધાશ્રમમાં મૂકી આવે છે

જ્યારે પુત્રો પોતાનુ કર્તવ્ય નિભાવી નથી શકતા ત્યારે પુત્રીઓ જ લગ્ન પહેલા અને પછી પણ ડગલેને પગલે માતા-પિતાને હૂંફ આપે છે. હું ખુશ છુ કે મને બે પુત્રીઓ છે, જેમને મેળવીને હું ગર્વ અનુભવુ છુ. પરંતુ કેટલાક લોકો મારી સામે એવી રીતે જુએ છે કે જાણે મારી પુત્રીઓ મોટી થશે તો તેમના લગ્નનો ખર્ચ જાણે એમને આપવો પડશે.

આંતરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ભલે લોકો સ્ત્રી ઉત્થાનની મોટી મોટી વાતો કરે, નવી નવી યોજનાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચે પણ મારા મતે તો જ્યાં સુધી સમાજમાં રહેતા લોકોના વિચારોમાં સમાનતા નહી આવે ત્યાં સુધી પુત્રીઓને બચાવી નહી શકાય. આજે પણ મને યાદ છે કે જ્યારે હું નર્સિંગ હોમમાંથી રજા મેળવીને ઘરે પાછી જતી હતી ત્યારે નર્સને મારા પતિ ખુશીથી પૈસા આપી રહ્યા હતા ત્યારે તે બોલી હતી - સાહેબ પુત્રી છે એટલે ઓછા લઉ છુ, નહી અમે બક્ષિક્ષ 100 થી ઓછુ લેતા જ નથી. મારી સ્થિતિ એવી નહોતી કે હું તેને કોઈ જવાબ આપી શકુ પણ મનમાં તો થયુ હતુ કે કહી દઉ - કે હે ભલી બાઈ, મારી પુત્રી છે તેથી તને અમારી દયા આવી

રહી છે તો તુ કોણ છે ? શુ તુ પણ અહીં દયા હેઠળ જ કામ કરી છે ?

આ સમાજને એક જ વાત કહેવી છે કે

છોકરો હોય કે છોકરી

માતા પિતાનુ બળ હોય છે સંતાન

ખાતર-પાણી છોકરાને

અને ખીલી ઉઠે છે છોકરીઓ

એવરેસ્ટ પર ધકેલવામાં આવે છે છોકરાને

અને ચઢી જાય છે છોકરીઓ

રડાવે છે છોકરા

અને રડે છે છોકરીઓ

સપના જોવામાં આવે છે છોકરા માટે

અને સાકાર કરી નાખે છે છોકરીઓ

જીવન તો છે છોકરાનુ

અને મારવામાં આવે છે છોકરીઓ.

_

_

# જીંદગીનુ સ્મિત છે નારી

ઘરમાં મારો જન્મ થતા
ભલે કોઈને ખુશી ન થઈ
પણ મારુ એક સ્મિત જોઈને
પપ્પાની આંખો હસી રહી

ઘરમાં મારા માટે ભલે કદી
ન કોઈ ઢીંગલી આવી
પણ મને મળેલી ભેટને લેવા
ભાઈની આંખોમાં ચમક આવી

દિવસભરના કામથી કંટાળીને
મમ્મીએ જ્યારે હૈયા વરાળ નાખી
ત્યારે મારા બે હાથની મદદ પામી
મમ્મીના ચહેરા પર હાશ આવી.

જવાન થઈને જ્યારે હું
વિદાય થઈને સાસરીએ વળી
આંખોમાં સૌના આંસુ જોઈને
મને મારી ઓળખ મળી.